ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧

એફોર્ડેબલ હાઉસીંગ સેલ
યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,
વરીયાવી બજાર પોલીસ ચોકીની
સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩.

**અપીલ અરજી નં. ૦૧/૨૧–૨૨**

**અરજદાર :** શ્રી અધિકાર દેવિદાસ પાટીલ

**સામાવાળા :** સેકશન ઓફીસર ( એફોર્ડેબલ હાઉસીંગ સેલ ) અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

**વિષય:–** અરજદારશ્રી અધિકાર દેવિદાસ પાટીલની તા.૧૨/૦૪/૨૦૨૧ની અરજી આઈ.ડી. નં.૨૧ ના સંદર્ભે કરેલ અપીલ બાબત.

**સંદર્ભ:**–અરજદાર મજકુરની તા. ૧૯/૦૫/૨૦૨૧ની અપીલ અરજી નં.**No.SMC/AFO/FAP/01/21-22.**

અરજદાર શ્રી અધિકાર દેવિદાસ પાટીલે તેઓની આરટીઆઈ એકટ હેઠળની અરજી તા.૧૨/૦૪/૨૦૨૦ના રોજ કરેલ આઈ.ડી.નં.૨૧ થી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગેલ. જે માહિતી સંદર્ભે (સાઉથ ઈસ્ટ ઝોન) લિંબાયત ધ્વારા સ્લમ અપગ્રેડેશન સેલ તથા એફોર્ડેબલ હાઉસીંગ સેલને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા.૨૧/૦૪/૨૦૨૧ ના રોજ મળેલ છે. જે માહિતી સંદર્ભે એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા લાગત માહિતી માટે અરજદાર ધ્વારા નકલ ફી રૂા. ૫૮/– ભરપાઈ કરીએથી પત્ર નં એફો.હા.સેલ/૭૦, તા.૨૯/૦૪/૨૦૨૧ થી નમુના–ગ મુજબની અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ છે.

એફોર્ડેબલ હાઉસીંગ સેલના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) દ્વારા પત્ર નં. એફો.હા.સેલ/૧૦૩૬ તા.૦૧/૦૧/૨૦૨૧ થી અત્રેના ખાતાને લાગત માહિતી/પુર્તતા પુરી પાડવામાં આવેલ. અરજદારે મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી સંદર્ભે પ્રથમ અપીલ અરજી સ્લમ અપગ્રેડેશન વિભાગ ખાતે તા.૧૯/૦૫/૨૦૨૧ ના રોજ કરેલ. જે અપીલ અરજી સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા અપીલ અધિકારી એફોર્ડેબલ હાઉસીંગ સેલને તા.૨૪/૦૫/૨૦૨૧ના રોજ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના ખાતાને તા.૨૫/૦૫/૨૦૨૧ના રોજ મળેલ છે. અપીલ તબકકે આપેલ ફરીયાદ અરજી ૫૨ મુળ અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફે યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ નથી, માહિતી અધુરી પુરી પાડવામાં આવેલ છે તેમજ મુદ્દા નં.૬ અને ૭ ની કોઈ માહિતી આપેલ નથી. તેમ જણાવી પ્રથમ અપીલ કરી દાદ માંગેલ છે. જે લાગત રજુઆત બાબતે ખાતાકીય પૂર્તતા દર્શાવ્યા મુજબ છે.

## અપીલ તબકકે અરજદારની રજુઆત

(૧) જાહેર માહિતી અધિકારી તરફે યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ નથી.(૨) માંગેલ માહિતી અધુરી પુરી પાડવામાં આવેલ છે.(૩) મુદ્દા નં.૬ અને ૭ ની કોઈ માહિતી આપેલ નથી.

પ્રથમ અપીલ અંગે જરૂરી રજુઆત :–

માંગેલ માહિતી ખુબ જ મહત્વની હોવા છતાં જાહેર માહિતી અધિકારીએ મને પૂર્વ યોજના મુજબ યોગ્ય માહિતી આપેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકારનો અનાદર કરેલ છે અને કાયદાનું પાલન કરવામાં કોઈપણ દેખીતા કારણ વગર નિષ્ફળ ગયા છે.

## અત્રેના ખાતાને લાગત મુદ્દાની ખાતાકીય પૂર્તતા

અરજદારની અપીલ તબકકેની રજુઆત ધ્યાને લેતા એપેલેટ અધિકારીશ્રી અને પર્સોનેલ ઓફિસરના પત્રનં. એફો.હા.સેલ/૨૧૯, તા.૨૯/૦૫/૨૦૨૧ રૂબરૂ સુનવણીની તક આપવા જોગ જણાતી હોય જે ધ્યાને લઈ આપશ્રીને તા.૦૫/૦૬/૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે એફોર્ડેબલ હાઉસીંગ સેલ, ઘાસ્તીપુરા, સુરત ખાતે ઉપસ્થિત રહેવા પત્ર પાઠવવામાં આવેલ. જે અન્વયે આપશ્રી તા.૦૫/૦૬/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૧:૩૦ કલાક દરમ્યાન રૂબરૂ સુનાવણીમાં હાજર રહી અપીલ તબકકે કરવામાં આવેલ રજુઆત સંદર્ભે મૂળ અરજીના મુદ્દા નં. ૧ થી ૨ માંગવામાં આવેલ સંપૂર્ણ માહિતી સ્લમ અપગ્રેડેશન વિભાગને લાગત હોય તેમ જણાવવામાં આવેલ. મુદ્દા નં. ૩ થી ૫ ની માહિતી સંદર્ભે અરજદારને અત્રેના વિભાગને લાગત માહિતી ધ્યાને લઈ જા.મા.અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (એફોર્ડેબલ હાઉસીંગ સેલ) ધ્વારા પત્ર નં.એફો.હા.સેલ/૭૦, તા.૨૯/૦૪/૨૦૨૧ થી નમુનો–ગ મુજબ ની માહિતીની નકલ /પુર્તતા પુરી પાડવામાં આવેલ છે. તેમજ મુદ્દા નં. ૬ થી ૭ ની માંગવામાં આવેલ સંપૂર્ણ માહિતી સંદર્ભે સુરત શહેરી વિકાસ સત્તા મંડળને લાગત હોય જાહેર માહિતી અધિકારી સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી, વેસુ, સુરતને અત્રેના પત્ર નં. એફો.હા.સેલ/૫૦, તા.૨૨/૦૪/૨૦૨૧ થી અરજી તબદીલ કરવામાં આવેલ છે. તેમ

| | ફોન નં. (૦૨૬૧) ૨૪૨૯૫૫૧ | | એફોર્ડેબલ હાઉસીંગ સેલ<br>યુ.સી.ડી. વિભાગની બિલ્ડીંગ,<br>વરીયાવી બજાર પોલીસ ચોકીની<br>સામેની ગલી, ઘાસ્તીપુરા, સુરત–૩. |
|---|---|---|---|

એપેલેટ અધિકારીશ્રી અને પર્સોનેલ ઓફિસરની રૂબરૂ સુનાવણી દરમ્યાન વિસ્તૃત ચર્ચા/વિચારણા કરી પુરતી સમજ આપવામાં આવેલ.

અરજદારશ્રી અધિકાર દેવિદાસ પાટીલ ધ્વારા એપેલેટ અધિકારીશ્રી અને પર્સોનેલ ઓફિસરની રૂબરૂ સુનાવણી દરમ્યાન વિસ્તૃત ચર્ચા/વિચારણા કરી પુરતી સમજ આપવામાં આવેલ. રજુઆત ધ્યાને લઈ અરજદાર ધ્વારા મુદ્દા નં. ૩ થી ૫ ની માહિતી સંતોષકારક મળેલ હતી. વધુ કોઈ માહિતીની જરૂરિયાત નથી. મુદ્દા નં. ૬ થી ૭ બાબતે સુડા ને અપીલ તબદીલ કરવામાં આવેલ છે. એફોર્ડેબલ હાઉસીંગ સેલમાંથી વધુ કોઈ માહિતી જરૂરિયાત રહેતી નથી. અપીલ અરજી લાગત માહિતી માટે દફતરે કરી હુકમ કરવા વિનંતી કરેલ છે.

**–: હુ ક મ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી પરત્વે પ્રથમ અપીલ અરજીની વિગત ધ્યાને લેતા એપેલેટ અધિકારીશ્રી અને પર્સોનેલ ઓફિસરની રૂબરૂ સુનાવણી દરમ્યાન વિસ્તૃત ચર્ચા/વિચારણા કરી પુરતી સમજ આપવામાં આવેલ. રજુઆત ધ્યાને લઈ આપના ધ્વારા મુદ્દા નં. ૩ થી ૫ ની માહિતી સંતોષકારક મળેલ હતી. વધુ કોઈ માહિતીની જરૂરિયાત નથી. મુદ્દા નં. ૬ થી ૭ બાબતે સુડા ને અપીલ તબદીલ કરવામાં આવેલ છે. એફોર્ડેબલ હાઉસીંગ સેલમાંથી વધુ કોઈ માહિતી જરૂરિયાત રહેતી નથી. અપીલ અરજી લાગત માહિતી માટે દફતરે કરી હુકમ કરવા વિનંતી કરેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં. એફો.હા.સેલ/આ.નં.૭૦ તા.૨૯/૦૪/૨૦૨૧ ના રોજ નમુનો–ગ થી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લઈ માહિતી/પુર્તતા આપવામાં આવેલ જે પુરી પાડવામાં આવેલ માહિતી/પુર્તતા યોગ્ય અને નિયમાનુંસારની જણાતી હોય, આમ, અપીલ અંગે વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોય તે દફતરે કરી નિકાલ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમથી આપ નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી, બ્લોક નં ૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ખાતે બીજી અપીલ કરી શકો છો.

એફો.હા.સેલ. આ.નં./૩૧૨
તા. ૧૫/૦૬/૨૦૨૧

**(ડી. વી. દલાલ)**
**એપેલેટ અધિકારી અને**
**પર્સોનેલ ઓફીસર,**
**એફોર્ડેબલ હાઉસીંગ સેલ**

**નકલ રવાના:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર (એફો.હા.સેલ) પ્રતિ...... જાણ માટે.
**નકલ રવાના:** શ્રી અધિકાર દેવિદાસ પાટીલ .......પ્રતિ.... જાણ માટે.